NIRMA UNIVERSITY
NAAC ACCREDITED 'A' GRADE

# Nirma University
# Library Resource Centre

Publication: **Divya Bhaskar City** Edition: **Ahmedabad**
Date & Day: **17/02/2022 (Thur)** Page No: **12**

## આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ વકીલોની પ્રેક્ટિસ કરવાની રીત બદલવાની ક્ષમતા ધરાવે છે

### નિરમા યુનિ. ખાતે 'લૉ એન્ડ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ' પર વેબિનાર યોજાયો

**અમદાવાદ** | આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ કમ્પ્યુટર સાયન્સનું એક વ્યાપક ક્ષેત્ર છે જેનો ઉદ્દેશ્ય ઈન્ડિપેન્ડન્ટ કમ્પ્યુટર બનાવવાનો છે. જે પોતાની રીતે વિચારવા, સમજવા અને કાર્ય કરવા તેમજ અમુક માનવીય વર્તનની નકલ કરવા સક્ષમ છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ વકીલોની પ્રેક્ટિસ કરવાની રીત બદલવાની ક્ષમતા ધરાવે છે. લૉ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ બંને ખૂબ જ અલગ પ્રવાહો હોવા છતાં એઆઈ સમગ્ર વિશ્વમાં કાયદાકીય અને ન્યાયિક પ્રક્રિયામાં ક્રાંતિ લાવવાની ક્ષમતા ધરાવે છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ થકી ઔદ્યોગિક ક્રાંતિ આવી શકે છે. આ શબ્દો છે યુ. એસ. ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશનના સ્પેશિયલ એડવાઈઝર ડૉ. સ્ટીવ રોબિન્સનના. ઈન્સ્ટિટ્યૂટ ઑફ લૉ નિરમા યુનિવર્સિટી ખાતે યોજાયેલી ફ્લેગશિપ ઈવેન્ટ - ઈન્ટરનેશનલ ટીચિંગ મંથ ફેબ્રુઆરી- 2022માં 'લૉ એન્ડ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ' થીમ પર વાત કરતા તેમણે આ વાત કરી હતી. નિરમા યુનિવર્સિટી ખાતે ઈન્ટરનેશનલ ટીરિંગ મંથમાં સમગ્ર ફેબ્રુઆરી મહિનામાં એક્સપર્ટ્સ અલગ મુદ્દા પર વાત કરી રહ્યા છે.